# આપની કલમે

- ડૉ. ભરત ભગત
drbharatbhagat@gmail.com



# પોતાનાં દુ:ખને ભૂલી , અન્યને સુખની પળો આપવાનું પ્રેરકકાર્ય કરતું આણંદનું દંપતી



આપણી અંગત, વહાલી અને પોતાના અસ્તિત્વનો અવિભાજ્ય અંગ ગણાય એવી વ્યક્તિ જ્યારે આપણા જીવનમાંથી અકાળે વિદાય થાય ત્યારે આપણને જીવવું આકરું લાગે એ સ્વાભાવિક છે. અન્યના જીવનમાં આવી ઘટના બને ત્યારે તેઓ પણ ભાંગી પડે એ સમજાય તેવું છે. ઘણાં લોકોનું જીવન આવી દુ:ખદ ઘટનાને કારણે લાંબા સમય સુધી અંધકારમય, નિરાશામય અને અકલ્પ્ય વેદનાથી ભરાઈ જાય છે. તેમને પોતાનું જીવન વ્યર્થ લાગે અને ક્યારેક ઈશ્વર ઉપરની શ્રદ્ધા તૂટી જાય. પરંતુ કેટલાક લોકો પોતાના દુ:ખને સહી, વિદાય થયેલી વ્યક્તિની યાદોને કાયમ રાખવા, તેની ઈચ્છાઓને, તેના સ્વપ્નાઓ સાકાર કરવા લાગી જાય છે અને એની સાથે પોતાનો ગમ દૂર કરી સ્વસ્થ જીવન જીવે છે. આણંદનું એક દંપતી ડો. હેમંત ભટ્ટ અને બિંદીયાબહેન છે કે જેમણે પોતાની વહાલસોયી દીકરીની યાદમાં શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે ૨૦૨૦માં "શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન" ની સ્થાપના કરી સરસ કાર્યોની શરૂઆત કરી છે.

હેમંતભાઈ કહે છે: "મારી દીકરી શિવાની અભ્યાસમાં સતત અવ્વલ રહેતી. દરેક વર્ષે પ્રથમ નંબર ધરાવે. એમ.બી.બી.એસ. માં ગોલ્ડ મેડલ મેળવી એણે અમેરિકાની યુ.એસ.એમ.લીની પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં એને એટલા રેન્ક મળ્યા કે અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાંથી એને એડમિશન માટે પત્રો મળ્યા હતા. સૌથી સારી યુનિવર્સિટીમાંથી ઇન્ટરવ્યુ આપીને એ બહાર આવે છે ત્યારે એક વાહન ટક્કર મારી એને અમારી પાસેથી ઝુંટવી લે છે. એની ચિરવિદાય અમારા માટે અસહ્ય બની ગઈ. દુ:ખના ડુંગરા અમારી ઉપર તૂટી પડ્યા હતા. આઘાત એટલો હતો કે બધું આધ્યાત્મિક જ્ઞાન વિસરાઈ ગયું હતું. પછી સમય જ અમારા દુ:ખની દવા બની ગયો. શાંત ચિત્તે વિચાર કર્યો ત્યારે નિર્ણય થયો કે દીકરીને જે ગમતું હતું તે કાર્ય કરી એની યાદને અમારા મનોમનમાં સ્થાયી સ્વરૂપે પ્રસ્થાપવી."

મૃત્યુ પામેલી દીકરીને શું ગમતું હશે એની કલ્પના કરું એ પહેલા હેમંતભાઈ પોતાની અંદર ઊંડા ઉતરી ગયા અને એમના અંતરના ઊંડાણમાંથી શબ્દો પ્રગટ્યા: "શિવાની ૧૨ ધોરણમાં ભણતી હતી ત્યારે તેણે એક વીડિયો બનાવ્યો હતો, જેમાં તેણે પોતાના સ્વપ્નાઓને વાચા આપી હતી. એ કહેતી કે આ દેશમાં કોઈ અભણ ન હોય, કોઈ માંદુ ન પડે. માંદગી આવે તો એને યોગ્ય સારવાર તરત અને ઓછામાં ઓછા ખર્ચે મળે. આટલી નાની ઉંમરે આટલું વિચારનારી શિવાની અમારે માટે દિશા સૂચવી ગઈ. સ્વસ્થ થઈ અમે બંને ક્ષેત્રમાં કાર્ય કરવાનું શરૂ કર્યું. બાળકોનું સ્વાસ્થ્ય અને શિક્ષણ અમારી પ્રાથમિકતા હતી. અમને ખબર હતી કે આખા દેશમાં પહોંચવું શક્ય નથી પણ શિવાનીના સ્વપ્નને સાકાર કરવા, એ દિશાનું એક પગલું પાડી શકાય તો પણ એના આત્માને શાંતિ પ્રાપ્ત થશે એવું અમને લાગતું હતું. આ ભાવથી અમે સેવાકાર્યો શરૂ કર્યાં.

'સ્ટોપ' અમારો અગત્યનો કાર્યક્રમ છે, જેમાં અમે થેલેસિમિયા ધરાવતાં બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝન, રેડક્રોસ સોસાયટીના સહયોગથી અમારા ટ્રસ્ટી અને બાળરોગ નિષ્ણાત ડો. ગિરીશભાઈ શ્રીવાસ્તવની હોસ્પિટલમાં વિનામૂલ્યે કરાવી આપીએ છીએ. આ બીમારીવાળાં બાળકોને દર મહિને કે એથી પણ ઓછા સમયમાં રક્ત ચઢાવવું પડે છે કારણ કે એના રક્તમાંનું હિમોગ્લોબીન ઘટી જાય છે. રક્ત વારંવાર આપવાથી એનાં હૃદય, ફેફસાં કે લિવરમાં આયર્ન જમા થઈ જાય છે. સામાન્ય રીતે આ પ્રમાણ ૨૦૦-૨૫૦નું હોય, પરંતુ વારંવાર રક્ત આપવાથી આ પ્રમાણ ૬૦૦૦થી વધી જાય છે. જો એને નીચું ન લાવીએ તો બાળક ૧૮-૨૦ વર્ષથી વધુ જીવી ન શકે. બ્લડમાંથી આયર્ન ઘટાડવું જ પડે. આ માટે બાળકોના નિયમિત રીતે બ્લડ ટેસ્ટ અને જરૂર પડે T2 સ્કેન કરવા જોઈએ જે અમે કરીએ છીએ. આ બધા ટેસ્ટ ખર્ચાળ છે પરંતુ અમે દર્દી પાસે કોઈ ચાર્જ લેતા નથી. લેબોરેટરી અને રેડિયોલોજિસ્ટ અમને ખૂબ ઓછા ભાવથી આ ટેસ્ટ કરી આપે છે અને જે ખર્ચ આવે છે તે દાતાઓના સહયોગથી મળી રહે છે.

આયર્ન ઘટાડવા અમારે દરેક બાળકને એન્ટી ચિલેન્ટીંગ એજન્ટ આપવા પડે, જે મોંઘા છે પરંતુ ૩૮ ગરીબ બાળકોને અમે વિનામૂલ્યે આપીએ છીએ. થેલેસિમિયા માટેનો કાયમી ઈલાજ છે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જે બધાને માટે શક્ય નથી હોતું એટલે એન્ટી ચિલેન્ટીંગ એજન્ટ આપવા પડે. આ ઈલાજથી દર્દી ૪૦-૫૦ કે થોડાં વધારે વર્ષો જીવી શકે છે. 'સ્ટોપ' પ્રોજેક્ટ અમારા માટે માનવ સેવાનો મહત્વનો પ્રોજેક્ટ છે."

સ્વાસ્થ્યના ક્ષેત્રે સંસ્થા ગર્ભાશયના મુખના કેન્સરને રોકવા ૨૦૦થી વધુ કિશોરાવસ્થામાં પ્રવેશેલી દીકરીઓને મોંઘી વેક્સિન આપી ચૂકી છે. ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા સૂચવેલ મિશન પિંક પ્રોજેક્ટ હેઠળ નગરપાલિકાની ૮૦૦-૧૦૦૦ જેટલી દીકરીઓનું એનીમીયા માટેનું નિદાન અને એની સારવાર આ ટ્રસ્ટનો વિકસતો પ્રોજેક્ટ છે. આજ દીકરીઓને મેન્સ્ટ્રૂઅલ હાઇજિનનું શિક્ષણ આપી સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવે છે. સ્વાસ્થ્યના આ બધા કાર્યક્રમો પાયાની જરૂરીયાતના છે, જે ભવિષ્યમાં થઈ શકે તેવી મોટી બીમારીઓથી મુક્તિ અપાવી શકે છે, જાહેર જીવનમાં કામ કરતાં લગભગ ૬૦૦ વ્યક્તિઓને બેસિક લાઈફ સપોર્ટ ટ્રીટમેન્ટની ટ્રેનિંગ જીવન સંજીવની નામ હેઠળ તાલીમ આપી છે, જે જીવન બચાવવામાં ખૂબ ઉપયોગી થઈ શકે છે.

આરોગ્ય ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે શરૂ થયેલી કામગીરી હેમંતભાઈના શબ્દોમાં "અમે શિવાની મોબાઈલ સ્કૂલ" શરૂ કરી છે. ખાસ તૈયાર કરેલી બસમાં ટીવી, બ્લેક બોર્ડ, ચાર્ટ સાથે ખાસ ટ્રેઈન્ડ થયેલા બે શિક્ષકો ઝૂંપડપટ્ટીઓમાં જાય છે. ૩૫ બાળકોને ભણાવાય એવી સગવડ છે. જે છોકરાં સ્કૂલમાં નથી જતાં તેની પાસે સ્કૂલ જાય, એ વિચારધારાને અમે અપનાવી છે. અક્ષરજ્ઞાન આપી એ વાંચતાં લખતાં શીખે એવો ભાવ રાખી અમારું કામ ચાલે છે. પ્રાર્થનાથી શરૂઆત કરી શિક્ષણ સાથે વ્યસનમુક્તિ માટે પ્રયાસ કરીએ છીએ. આ કાર્યમાં ખૂબ સારાં પરિણામ મળ્યાં છે. મોટાભાગનાં બાળકો જુગારની આદત કે મસાલાની ટેવથી મુક્ત થયા છે. સારા અને ભણી શકે એવાં બાળકોને સ્કૂલમાં દાખલ કરાવી ફી સુદ્ધાં આપીએ છીએ. પ્રાથમિક શિક્ષણ સાથે ઉચ્ચ શિક્ષણમાં અવ્વલ આવે તે માટે પ્રેરણા આપવા જુદી જુદી યોજનાઓ કરી છે. આ યોજનામાં સામેલ છે: કરમસદની મેડિકલ કોલેજમાં દર વર્ષે મેડીસીન વિષયમાં અવ્વલ આવનારને ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવા, એન. એચ. એલ. મેડીકલ કોલેજમાં બેસ્ટ આઉટ ગોઈંગ સ્ટુડન્ટને સન્માન, ઇન્ડિયન સોસાયટી ઓફ ક્રિટીકલ કેરના ગુજરાત ચેપ્ટરની કોન્ફરન્સમાં બેસ્ટ પેપર માટે એવોર્ડ અને રૂપિયા ૨૦,૦૦૦નો ચેક, આણંદની સી.બી.એસ.સી. સ્કૂલમાં હેડ બોય અને હેડ ગર્લને ટ્રોફી. આ બધાં જ સન્માનો કે એવોર્ડ્સ માટે સ્કૂલના શિક્ષકોની કમિટી હોય છે જે માર્ગદર્શિકા બનાવી લાયક વિદ્યાર્થીઓને પસંદ કરે છે. દરેક એવોર્ડ માટે વિદ્યાર્થીનું સમગ્રતયા મૂલ્યાંકન કરવામાં આવે છે. આ એવોર્ડ્સ પાછળ અમારો ભાવ છે કે આગામી વર્ષોમાં બીજા વિદ્યાર્થીઓને અવ્વલ આવવા પ્રેરણા મળે. મેડિકલ કોલેજમાં મેડિકલ અને પેરામેડિકલ વિદ્યાર્થીઓને શિક્ષણનાં પુસ્તકો પણ વિનામૂલ્યે અપીએ છીએ."

શિવાની ભટ્ટ ચેરિટેબલ ફાઉન્ડેશનની સ્થાપનાને હજી બે વર્ષ થયાં છે પણ જે આયોજન અને ખંતથી કાર્ય થઈ રહ્યું છે તે પ્રશંસનીય છે. હેમંતભાઈના સેવા કાર્યમાં દીકરીની સ્મૃતિનો ભાવ છે, પરિશ્રમ માટેની તૈયારી છે અને સતત વધુ ને વધુ કરવાની તત્પર્તા છે જે દુ:ખમાં ભાંગી પડેલા સૌ માટે પથદર્શક છે.

**સંપર્ક : શ્રી હેમંત ભટ્ટ - 9825170744**